# પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ

**૧. પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા "આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો" યોજના અંતર્ગત તાલુકા કક્ષાએ જનસેવા કેન્દ્રને સુપ્રત કાર્યો**

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક એમઆઈએસ-૧૦૨૦૧૧-૨૯૨૫૮૮-જ, તા.૨૬/૪/૨૦૧૧ તથા તા.૨૭/૪/૨૦૧૧ના ઠરાવથી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના અંતર્ગત તાલુકા કક્ષાએ જનસેવા કેન્દ્રને મળેલ અરજીઓનો નિકાલ નીચે જણાવેલ ત્રણ જુદી જુદી કક્ષાએથી કયા વિભાગ ધ્વારા કેટલી સમયમર્યાદામાં કરવામાં આવશે તેમજ નિકાલ કરવાનાં સક્ષમ સત્તાધિકારી કોણ છે તેની વિગત નીચે મુજબ છે.

(૧) અ-કક્ષાઃ- આ કક્ષાની અરજીઓ વન-ડે ગવર્નન્સ પ્રકારની છે જેનો તાલુકા વિકાસ અધિકારી કક્ષાએથી એટલે કે સ્થાનિક સ્તરે નિકાલ થઈ શકશે.

(૨) બ-કક્ષાઃ- કક્ષાની અરજીઓનો તાલુકા વિકાસ અધિકારીની કક્ષાએથી એટલે કે સ્થાનિક સ્તરે દર્શાવેલ સમયમર્યાદામાં નિકાલ થશે.

(૩) ક-કક્ષાઃ- હાલ સત્તા સોંપણી અંગેની સ્થાયી સૂચનાઓને ધ્યાનમાં લેતાં આ કક્ષાની અરજી જિલ્લા કક્ષાના અધિકારી તરફ મોકલી આપવાની રહેશે.

**અ-કક્ષા**

| વિભાગ | ક્રમ | યોજના/સેવાનું નામ | નિકાલ કરવા માટેના સક્ષમ સત્તાધિકારી | નિકાલ માટેની સમયમર્યાદા |
|---|---|---|---|---|
| પંચાયત વિભાગ | ૧. | આવક અંગેનું પ્રમાણપત્ર (ગ્રામ્ય વિસ્તાર) | તાલુકા વિકાસ અધિકારી | ૧ દિવસ |
| | ૨. | ધાર્મિક અનુભાષાકિય લઘુમતિ અંગેનું પ્રમાણપત્ર (ગ્રામ્ય વિસ્તાર) | તાલુકા વિકાસ અધિકારીશ્રી | ૧ દિવસ |
| | ૩. | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર (ગ્રામ્ય વિસ્તાર) | તાલુકા વિકાસ અધિકારીશ્રી | ૧ દિવસ |
| | ૪. | વિધવા અંગેનું પ્રમાણપત્ર (ગ્રામ્ય વિસ્તાર) | તાલુકા વિકાસ અધિકારીશ્રી | ૧ દિવસ |

બ-કક્ષા

| વિભાગ | ક્રમ | યોજના/સેવાનું નામ | નિકાલ કરવા માટેના સક્ષમ સત્તાધિકારી | નિકાલ માટેની સમયમર્યાદા |
|---|---|---|---|---|
| પંચાયત વિભાગ | ૧. | ઘર વિહોણા ખેતમજુરને ઘરથાળના પ્લોટ આપવાની યોજના | તાલુકા લેન્ડ કમિટી | ૯૦ દિવસ/ ગામતળ ઉપલબ્ધ નથી ત્યાં ૧૮૦ દિવસ |
| | ૨. | જમીનને બીનખેતી ઉપયોગની પરવાનગી બાબત કલમ-૬૫ | તાલુકા પંચાયત/ જિલ્લા પંચાયત | ૯૦ દિવસ |

ક-કક્ષા

| વિભાગ | ક્રમ | યોજના/સેવાનું નામ | નિકાલ કરવા માટેના સક્ષમ સત્તાધિકારી | નિકાલ માટેની સમયમર્યાદા |
|---|---|---|---|---|
| મહેસૂલ વિભાગ | ૧. | જમીન મહેસૂલ નિયમ-૪૩ બી મુજબ ઘરથાળને લાગુ જમીન આપવા બાબત. | જિલ્લા વિકાસ અધિકારીશ્રી/ મહેસૂલ વિભાગ | ૯૦ દિવસ |
| નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ (સામાજિક ન્યાય અને અધિકારી વિભાગ) | ૨. | રાષ્ટ્રીય કૌટૂંબિક સહાય યોજના | નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી | ૩૦ દિવસ |
| | ૩. | માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમુહ લગ્ન(અ.જા) | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી | ૩૦ દિવસ |
| | ૪. | અંત્યેષ્ઠી સહાય (અ.જા.) | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી | ૩૦ દિવસ |
| | ૫. | મફત તબીબી સહાય (અ.જા.) | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી | ૩૦ દિવસ |
| | ૬. | કુંવરબાઈનું મામેરૂ (અ.જા) | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી | ૩૦ દિવસ |
| | ૭. | અનુસૂચિત જાતિ અંગેનું પ્રમાણપત્ર | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી | ૦૭ દિવસ |
| | ૮. | બીસીકે-૩૧ માનવ ગરીમા | જિલ્લા સમાજ | જે તે વર્ષ |

| | | | | |
|---|---|---|---|---|
| | | યોજના | કલ્યાણ અધિકારીશ્રી | દરમ્યાન |
| | ૯. | બી.સી.કે. ૪૩/૭૩ નાના વ્યવસાયકારોને ધંધાનું સ્થળ/ દુકાન ખરીદવા લોન/ સહાય | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી | ૩૦ દિવસ |
| | ૧૦. | બીસીકે-૪૪ ખેતીની જમીન ખરીદવા માટે નાણાંકીય સહાય | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી | ૩૦ દિવસ |
| | ૧૧. | બીસીકે-૫૪ આંતરજ્ઞાતિય લગ્નસહાય યોજના | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી | ૩૦ દિવસ |
| | ૧૨. | બીસીકે-૩૨ ડૉકટર અને વકીલ લોન સહાય યોજના | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી | ૩૦ દિવસ |
| શિક્ષણ વિભાગ | ૧૩. | નવી ખાનગી શાળા ખોલવા મંજુરી આપવા બાબત. | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | શૈક્ષણિક સત્ર શરૂ થતાં પહેલાં |
| | ૧૪. | ખાનગી શાળામાં ધાર્મિક વર્ગ વધારવા બાબત. | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | શૈક્ષણિક સત્ર શરૂ થતાં પહેલાં |
| કૃષિ અને સહકાર વિભાગ | ૧૫. | સહકાર અધિનિયમ-૧૯૬૧ અન્વયે સહકારી મંડળીના નામમાં ફેરફાર | સિંચાઈ, ઉત્પાદન અને સહકાર સમિતિ, જિલ્લા પંચાયત | ૪૫-દિવસ / કાયદા સબંધિત હોય ત્યારે ૯૦ દિવસ |
| | ૧૬. | સહકાર અધિનિયમ-૧૯૬૧ અન્વયે સહકારી મંડળીના પેટા નિયમમાં સુધારા | સિંચાઈ, ઉત્પાદન અને સહકાર સમિતિ, જિલ્લા પંચાયત | ૬૦-દિવસ / સમિતિની બેઠક મળે તે મુદત. |
| | ૧૭. | સહકાર અધિનિયમ-૧૯૬૧ અન્વયે સહકારી મંડળીમાં સભ્ય તરીકે દાખલ કરવા બાબત. | સિંચાઈ, ઉત્પાદન અને સહકાર સમિતિ, જિલ્લા પંચાયત | ૪૫-દિવસ / કાયદા સબંધિત હોય ત્યારે ૯૦ દિવસ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| | ૧૮. | સહકાર અધિનિયમ-૧૯૬૧ અન્વયે સહકારી મંડળીની સાધારણ સભાની મુદત વધારવા બાબત. | સિંચાઈ, ઉત્પાદન અને સહકાર સમિતિ, જિલ્લા પંચાયત | ૪૫-દિવસ / કાયદા સબંધિત હોય ત્યારે ૯૦ દિવસ |
| | ૧૯. | સહકાર અધિનિયમ-૧૯૬૧ અન્વયે સહકારી મંડળીની ખાસ સામાન્ય સભા બોલાવવા બાબત. | સિંચાઈ, ઉત્પાદન અને સહકાર સમિતિ, જિલ્લા પંચાયત | ૪૫-દિવસ / કાયદા સબંધિત હોય ત્યારે ૯૦ દિવસ |

**૨. આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના અંતર્ગત તાલુકા કક્ષાએ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ હેઠળની યોજનાઓની મંજુરી આપવા અંગેની વહીવટી તેમજ નાણાકીય સતાઓ સોપવા**

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃપરચ -૧૦૨૦૧૧-૫૨૩-જ, તા.૨૬-૦૪-૨૦૧૧ના ઠરાવથી તથા ઠરાવ ક્રમાંક ચટણ-૧૦૧૧-૧૬૭૪-ગ તા.૨૯-૧૧-૨૦૧૧ આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના અંતર્ગત તાલુકા કક્ષાએ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ હેઠળની યોજનાઓની મંજુરી આપવા અંગેની વહીવટી તેમજ નાણાકીય સતાઓ સોપવા બાબતની વિગત નીચે મુજબ છે.

## ૧). પંચવટી યોજના

આ યોજના હેઠળ રાજયના ગ્રામ વિસ્તારમાં ગ્રામ્ય પ્રજાના આનંદ પ્રમોદ માટે બાગ બગીચા અને પ્રોત્સાહન આપવામાં આવે છે. આ સમિતિના અધ્યક્ષ તાલુકા વિકાસ અધિકારીશ્રી છે. આ અંગેની જરૂરી તમામ વહીવટી તેમજ નાણાકીય સતાઓ તાલુકા વિકાસ અધિકારીશ્રીને આપવામાં આવેલ છે.

## ૨). તીર્થ ગામ-પાવન ગામ યોજના

રાજયના ગ્રામ્ય વિસ્તારોમા કોમી સદભાવ અને ભાઈચારાની ભાવના વધુ પ્રબળ બને તે હેતુથી આ યોજના અમલમાં મૂકેલ છે. જે ગામમાં ત્રણ વર્ષ દરમ્યાન કોઈ ગુનો નોંધાયેલ ન હોય તો તે ગામને પાવન ગામ યોજનાનો અને જે ગામમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન કોઈ ગુનો નોંધાયેલ ન હોય તો તે ગામને તીર્થ ગામ યોજનાનો લાભ આપવાનું ઠરાવેલ છે.

આ યોજનાને અસરકારક અને ઝડપી અમલી બનાવવા માટે તાલુકા કક્ષાએ પ્રાંત અધિકારીના અધ્યક્ષપદે સમિતિની રચના કરી તે સમિતીને તમામ કામોમા નિર્ણય લેવાની સતા આપવામાં આવે છે.

## ૩). સમરસ ગામ યોજના

ગ્રામ પંચાયતોની ચૂંટણી સર્વ સમંતિથી અને વિના વિરોધે થાય તેમજ વિકાસ માટેનું હકારાત્મક વાતાવરણ સર્જાય અને ગામ કક્ષાએ સંપ, સહકાર,સુમેળ સધાય તે હેતુ માટે આ યોજના અમલી બનાવેલ છે.આ કામગીરી તાલુકા અધિકારીની કક્ષાએથી ચૂટણીઓ અંગેના રેકર્ડના આધારે જરૂરી ચકાસણી કરીને પ્રમાણપત્ર આપી વિકાસ કમિશ્નરશ્રીને પ્રોત્સાહન અનુદાન માટે જરૂરી દરખાસ્ત કરવાની છે તેવું ઠરાવેલ છે. આ યોજના અંતર્ગત પ્રોત્સાહક અનુદાનની રકમ નીચે મુજબ આપવામાં આવે છે.

૧. પહેલી વખત બિન હરીફ થઈ રચાયેલી ગ્રામ પંચાયતને સમરસ ગામ યોજના હેઠળ વસ્તીના ધોરણે અનુક્રમે રૂા.૨,૦૦,૦૦૦/- અને રૂા.૩,૦૦,૦૦૦/-નું પ્રોત્સાહક અનુદાન આપવાનું નકકી કરવામાં આવેલ છે. મહિલા સમરસ ગ્રામ પંચાયતને રૂા.૨,૦૦,૦૦૦/- અને રૂા.૩,૦૦,૦૦૦/-નું પ્રોત્સાહક અનુદાન આપવાનું નકકી કરવામાં આવેલ છે. તથા ધોરણ-૮ની અગ્રીમતાથી મંજુરી આપવામાં આવશે.

૨. જે ગ્રામ પંચાયત અગાઉની ચૂટણીઓમાં બિન હરીફ થઈને સમરસ ગામ જાહેર થયેલ હોય અને તે પછી ચૂટણીઓમાં સતત બીજીવાર પણ બિન હરીફ થઈને સમરસ જાહેર થાય તો તેવી ગ્રામ પંચાયતોને પ્રથમ વખતની પ્રોત્સાહક અનુદાનની રકમમાં ૨૫% નો વધારો તથા સીસી રોડ આધુનિક સુવિધા પૂરી પાડવાનું નકકી કરવામાં આવેલ છે.

૩. જે ગ્રામ પંચાયત અગાઉની સતત બે ચૂટણીઓમાં બિન હરીફ થઈને સમરસ ગામ જાહેર થયેલ હોય અને તે પછી ચૂટણીઓમાં સતત ત્રીજીવાર પણ બિન હરીફ થઈને સમરસ જાહેર થાય

તો તેવી ગ્રામ પંચાયતોને બીજી વખતની પ્રોત્સાહક અનુદાનની રકમમાં ૨૫% નો વધારો તથા સોલાર સ્ટ્રીટ લાઇટની આધુનિકસ સુવિધા પૂરી પાડવાનું નકકી કરવામાં આવેલ છે.

૪. આ પ્રોત્સાહક અનુદાનનો ઉપયોગ સ્થાનિક વિકાસના કામમાં કરવાનો રહે છે.

## પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ(ગ્રામ વિકાસ)

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, તા. ૨૯-૦૮-૨૦૧૦ ના ઠરાવ નં. એટીવીટી (ગ્રા.વિ.)/૧૦૨૦૧૧/એસએફએસ/૧૧૪/ખ.૨ થી નીચે જણાવેલ યોજનાઓ/પ્રવૃત્તિઓ ની તાલુકા કક્ષાએ સત્તા સોંપવામાં આવેલ છે. " આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો " અંતર્ગત તા. ૨૮મી એપ્રિલ-૨૦૧૧ થી રાજ્ય સરકારશ્રીના જુદા જુદા વિભાગો હેઠળ ચાલતી યોજનાઓ અને પ્રવૃત્તિઓનું સંકલન કરી તાલુકા કક્ષાએ તાલુકા જનસેવા કેન્દ્રની સ્થાપના કરવામા આવે છે. સામાન્ય રીતે ગ્રામ વિકાસ વિભાગ હેઠળ્ની કાર્યરત યોજનાઓનુ અમલીકરણ હાલમાં તાલુકા કક્ષાએથી તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) મારફતે થઇ રહેલ છે.પરંતુ સામાન્ય નાગરીકોને ગ્રામ વિકાસ વિભાગની યોજનાઓનો લાભ સરળતાથી મળે તે દ્રષ્ટિએ કાર્યપધ્ધતિ નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે, જનસેવા કેન્દ્ર અને તાલુકા પંચાયત કચેરી ખાતે મળેલ અરજીઓના નિકાલની નીચે મુજબ કાર્યપધ્ધતિ અને સમયમર્યાદા નક્કી કરવાનુ ઠરાવવામાં આવે છે. જે સદરહું યોજનાઓની વખતો વખત જણાવેલ જોગવાઇઓને આધીન રહેશે.

| ક્રમ | યોજનાનુંનામ | | નિકાલ કરવા માટેના સક્ષમ સત્તાધિકારી | નિકાલ માટેની સમય મર્યાદા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ |
| ૧ | ઇન્દિરા આવાસ યોજના(આઇએવાય) : : | | | |
| | (એ) | અરજી સ્વીકરવી | ગ્રામ્ય કક્ષાએ ત.ક.મંત્રીને અરજી કરવી. | દર વર્ષે એપ્રિલ માસના અંત સુધી |
| | (બી) | અરજીની મંજુરી અને આદેશ | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | દર વર્ષે જુન માસના અંત સુધીમાં |
| | (સી) | સહાયની ચૂકવણી | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | સ્થાઇ સૂચનાઓ મુજબ |
| | (ડી) | ડી.આર.આઇ. લોનની અરજીઓ બેંકોને મોકલવા | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | દર વર્ષે જુન માસના અંત સુધીમાં |
| ૨ | મહાત્મા ગાંધી રાષ્ટીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના (એમ.જી.એન.આર.ઇ.જી.એસ.): | | | |

| | | | | |
|---|---|---|---|---|
| | (એ) | અરજી સામે જોબ કાર્ડ આપવું. | ત.ક.મંત્રી, ગ્રામ પંચાયત | ૧૫ દિવસ |
| | (બી) | કામ મેળવવા માટેની અરજી સામે કામ આપવું. | ત.ક.મંત્રી, ગ્રામ પંચાયત | ૧૫ દિવસ |
| | (સી) | ગ્રામ પંચાયત / લાઇન ડિપાર્ટમેન્ટ દ્વારા કામ ચાલુ કરવા માટે મસ્ટર ઇસ્યુ કરવું. | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ૭ દિવસ |
| | (ડી) | શ્રમિકોને ચુકવણું | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ૧૫ દિવસ |
| | (ઇ) | ફરિયદો અને તેનો નિકાલ | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ૩૦ દિવસ |
| | (એફ) | સામાજીક ઓડિટમાં ઉપસ્થિત થયેલ મુદાઓ ઉપર કાર્યવાહી | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ૩૦ દિવસ |
| 3 | મિશન મંગલમ / સખીમંડળ : : | | | |
| | (એ) | સ્વસહાય જુથની નોંધણી માટે અરજી | તાલુકા લાઇવલી હુડ મેનેજર / કલ્સ્ટર કો. ઓર્ડિનેટર | ૧૦ દિવસ |
| | (બી) | સ્વરોજગારી માટે વ્યક્તિગત યોજના- લોન સહાયની અરજી બેંકને મોકલવી. | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ૧૫ દિવસ |
| | (સી) | સ્વરોજગારી માટે વ્યક્તિગત કિસ્સામાં સબસીડીની ચૂકવણી | બેંક દ્વારા લોન કેસ મંજુરી મળ્યેથી | ૧૦ દિવસ |
| | (ડી) | સ્વરોજગારી માટે સ્વસહાય જુથની લોન સહાયની અરજી બેંકને મોકલવી. | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ૧૫ દિવસ |
| | (ઇ) | સ્વરોજગારી માટે સ્વસહાય જુથના કિસ્સામાં સબસીડીની ચૂકવણી | બેંક દ્વારા લોન કેસ મંજુરી મળ્યેથી | ૧૦ દિવસ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| | (એફ) | સ્વસહાય જુથોને રીવોલ્વીંગ ફંડ | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ગ્રેડીંગ થયા બાદ ૧૫ દિવસ |
| | (જી) | સ્વસહાય જુથોને બેંક સાથે લીંક કરવા | તાલુકા લાઇવલી હુડ મેનેજર / કલ્સ્ટર કો. ઓર્ડિનેટર | ગ્રેડીંગ થયા બાદ ૧૫ દિવસ |
| | (એચ) | ઉત્પાદિત જુથોની રચના / નોંધણી | તાલુકા લાઇવલી હુડ મેનેજર | અરજી મળ્યેથી ૧૦ દિવસ |
| | (આઇ) | તાલુકા ફેડરેશનની રચના માટે અરજી ભલામણ સહ જિલ્લા રજીસ્ટારને મોકલવી | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ૧૫ દિવસ |
| | (જે) | કૌશલ્ય તાલીમ મેળવવા ઇસ્છતા બીપીએલ લાભાર્થીઓની અરજી આરસેટીની અથવા અન્ય તાલીમ આપતી સંસ્થાને મોકલવી. | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ૧૫ દિવસ |
| ૪ | સંપુર્ણ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ / નિર્મળ ગુજરાત : : | | | |
| | (એ) | વ્યક્તિગત શૌચાલય (બીપીએલ-એપીએલ) ઉત્તમ ગુણવત્તાવાળા પાણીની સગવડ સાથેના.<br>તાલુકા લાઇવલી હુડ મેનેજર / કલ્સ્ટર કો. ઓર્ડિનેટર | | |
| | | મંજુરી | ગ્રામ સુખાકારી સમિતી / સરપંચ | ૭ દિવસ |
| | | ચુકવણી | ગ્રામ સુખાકારી સમિતી / સરપંચ | શૌચાલયનું કામ પુર્ણ થયા બાદ ૭ દિવસ |
| | (બી) | શાળા શૌચાલય સંકુલ | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ૭ દિવસ |
| | (સી) | આંગણવાડી શૌચાલય સંકુલ | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ૭ દિવસ |
| | (ડી) | સામુહિક શૌચાલય સંકુલ | તાલુકા વિકાસ અધિકારી | ૧૫ દિવસ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | (ગ્રા.વિ.) | |
| | (ઇ) | ઘન અને પ્રવાહી કચરાના નિકાલની કાયમી વ્યવસ્થા | | |
| | ૧. | ઘરે ઘરેથી કચરો એકત્રીત કરી તેનો નિકાલ કરવો | | |
| | | અ. સમગ્ર ગામનું આયોજન | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ૧૫ દિવસ |
| | | બ. ભૌતિક તથા નાણાંકીય મંજુરી | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ૧૫ દિવસ |
| | | ક. કામ પુર્ણ કરવાની મુદ્દત | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ૩૦ દિવસ |
| | ૨. | ઉકરડા / ઘન કચરામાંથી ખાતર બનાવવું. | | |
| | | અ. સમગ્ર ગામનું આયોજન | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ૧૫ દિવસ |
| | | બ. ભૌતિક તથા નાણાંકીય મંજુરી | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ૧૫ દિવસ |
| | | ક. કામ પુર્ણ કરવાની મુદ્દત | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ૩૦ દિવસ |
| | ૩. | ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા | | |
| | | અ. સમગ્ર ગામનું આયોજન | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ૧૫ દિવસ |
| | | બ. ભૌતિક તથા નાણાંકીય મંજુરી | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ૧૫ દિવસ |
| | | બ. ભૌતિક તથા નાણાંકીય મંજુરી | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | ૬૦ દિવસ |
| ૫ | આમ આદમી વીમા યોજના : : | | | |
| | (એ) | મૃત્યુ સહાય અરજીઓ | તાલુકા વિકાસ અધિકારી | ૩૦ દિવસ |

| | | | | |
|---|---|---|---|---|
| | | મેળવીને એલઆઇસી, ગાંધીનગરને દરખાસ્ત કરવી. | (ગ્રા.વિ.) | |
| | (બી) | શિષ્યવૃતિની અરજીઓ મેળવવી. એલઆઇસી, ગાંધીનગરને દરખાસ્ત કરવી. | તાલુકા વિકાસ અધિકારી (ગ્રા.વિ.) | દર વર્ષના જાન્યુઆરી માસમાં અને જુલાઇ માસમાં. |